No. of Printed Pages : 4

**FGT-01**

**BDP / BCA / BTS**

00854

**Term-End Examination**

**December, 2016**

## FGT-01 : FOUNDATION COURSE IN GUJARATI

*Time : 2 hours* *Maximum Marks : 50*

*આ પ્રશ્નપત્રમાં કુલ આઠ (8) પ્રશ્નો આપવામાં આવ્યા છે અને બધા પ્રશ્નોનાં ઉત્તર આપવાના રહેશે.*

1. નીચેના વિષયોમાંથી ગમે તે ***એક*** વિષય પર નિબંધ લખો. *8*

   (a) કલાકાર માટેનું પ્લેટફોર્મ – ટેલિવિઝન

   (b) વૃદ્ધ માનવીની મનોવેદના

   (c) મોબાઈલના લાભાલાભ

   (d) ગ્લોબલ વૉર્મિંગ

2. નીચેનામાંથી કોઈ પણ ***ચાર*** પ્રશ્નોના ઉત્તર આપો. *8*

   (a) દાંડીકૂચે ઠંડી તાકાતનું જ નહિ, સત્ય તથા અહિંસાની શક્તિનું દર્શન કરાવ્યું છે – કેવી રીતે ?

   (b) વૃક્ષોને બચાવીને જ માનવજાત બચી શકશે – વિધાન સ્પષ્ટ કરો.

   (c) ખનીજતેલનું મહત્ત્વ શું છે ? તેમાંથી પેટ્રોલ અને કેરોસીન કઈ રીતે મેળવવામાં આવે છે ?

   (d) શહેરોનાં દેવમંદિરો પર લેખકે કરેલો કટાક્ષ જણાવો.

   (e) ભૂખ અને ભીખ વચ્ચે અટવાતા કાબુના મનોમંથનને વાચા આપો.

   (f) ધર્મના નામે ચાલતી કઈ વાતો વિજ્ઞાનને માન્ય નથી ?

3. (a) કૌંસમાં આપેલા શબ્દમાંથી યોગ્ય શબ્દ લઈ વાક્યની ખાલી જગ્યા પૂરો. *4*

(i) રાસાયણિક ઉપયોગ માટે પાણીને ________ દ્વારા શુદ્ધ કરવામાં આવે છે. (રાસાયણિક પ્રક્રિયા, ગાળવાની ક્રિયા, નિસ્યંદનની પ્રક્રિયા)

(ii) યુરોપમાં એક કાળે ________ ભાષાનો ખૂબ મોટો પ્રભાવ હતો. (લેટિન, અંગ્રેજી, ડેનિશ)

(iii) શબ્દમાં કોઈ એક અક્ષર ઉપર તેની સાથે ઉચ્ચારાયેલા અન્ય અક્ષરોને મુકાબલે મુકાયેલો ભાર ________ તરીકે ઓળખાય છે. (અક્ષરભાર, ધ્વનિભાર, સ્વરભાર)

(iv) ભારતની સાંસ્કૃતિક પરંપરામાં ________ નો ખૂબ મહિમા છે. (શરીરબળ, શબ્દશક્તિ, રાજસત્તા)

(b) નીચેની *બે* કહેવતનો અર્થ સમજાવો. *4*

(i) ખોદે ઉંદર ને ભોગવે ભોરિંગ

(ii) પોથીમાંનાં રીંગણાં

(iii) મોરનાં ઈંડાંને ચીતરવાં ન પડે

4. નીચેનામાંથી ગમે તે *બે* વિષે ટૂંક નોંધ લખો. *6*

(a) મહાપ્રાણ અને અલ્પપ્રાણ ધ્વનિ

(b) આત્મૌપમ્ય ભાવ

(c) શોષણખોર દલુચંદશેઠ

5. નીચેનાં કથન કોણ બોલે છે તે જણાવી સમજાવો. 8

(a) જે કામ તલાટીએ કરવાનું હોય એમાં પ્રધાનને લખવાથી શું ફાયદો ?

(b) શકરીભાભી ! બિચારી હેતીબાઈ બહુ ભલું માણસ છે !

(c) ભગવંત ! મને એવો લુલો પાંગળો શા માટે બનાવો છો ?

(d) આ ગીત તને પૂરું આવડે છે ?

6. નીચેનાં વાક્યોના શબ્દોનો ક્રમ યોગ્ય રીતે ગોઠવીને તે વાક્યો ફરીથી લખો. 4

(a) યોજના કુદરતે કરેલી વૃક્ષો પ્રદુષણ નિવારણની છે ભવ્ય ઉગાડીને.

(b) ગ્રામપંચાયતો જરૂરિયાતો થઈ સ્થાનિક જ ને શકે પ્રશ્નોનો ઉકેલ દ્વારા.

(c) ગાંધીજીએ હિન્દુસ્તાનની શિખવાડી છળકપટને રાજનીતિ સ્થાન અસત્ય જે આપણને નથી તેમાં અને.

(d) ટાંકીમાં કરવામાં ખનીજ તાપે છે તેલને ધીમા આવે મોટી ગરમ.

7. એક નકારાત્મક શબ્દ દ્વારા વાક્યની ખાલી જગ્યા પૂરો. 4

(a) પેલા ભાઈનો કોઈ વાંક નથી તે __________ છે.

(b) આ ધંધામાં ફાયદા કરતાં __________ જ વધુ છે.

(c) તેનામાં જરા પણ અભિમાન નથી તે __________ છે.

(d) આ વસ્તુ કામની નથી તે __________ છે માટે ફેંકી દો.

8. નીચેનાં વિધાનોમાંથી ખરાં (√) અને ખોટાં (×) પારખી, ખોટાં વિધાનોને સુધારો. *4*

(a) મેટકાફ ઈતિહાસનો દ્રષ્ટા છે, કાર્લ માર્ક્સ અંગ્રેજ રાજનીતિજ્ઞ હતો.

(b) સુમેર, બાબિલોન અને ઈજિપ્તની પ્રજાએ સ્વતંત્ર રીતે પોતપોતાની લેખનપદ્ધતિ વિકસાવી.

(c) હૉટેલના મૅનેજરે ગાંધીજીનું અપમાન કરી તેમને કાઢી મૂક્યા.

(d) ગ્લુકોઝના પ્રત્યેક અણુના સંશ્લેષણ વખતે ઑક્સિજનના 6 અણુ મુક્ત થાય છે.